## (1) હાલમાં આવેલા ભારત માનવ વિજ્ઞાન સર્વેક્ષણના નીતિ દસ્તાવેજના સંદર્ભમાં કયાં વિધાનો સાચાં છે ?

(1) આ નીતિ રીપોર્ટ અનુસાર આંદમાન અને નિકોબારમાં વસતી સેંટનલી જાતિને ગંભીર ખતરો છે.

(2) તેઓનું કુદરતી આવાસ સેંટિનલ દ્વીપ છે. જેને ગ્રેટ નિકોબાર પણ કહે છે.

(3) ભારતની આ જાતિ વિશેષરૂપથી પછાત જનજાતીય સમૂહમાં આવે છે.

(4) આ જાતિ મુખ્યત્વે શિકાર અને માછલી પકડવાનું કાર્ય કરે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) આપેલ તમામ

(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હાલમાં જ ભારતીય માનવવિજ્ઞાન સર્વેક્ષણ (ANSI) દ્વારા એક નીતિ દસ્તાવેજ બહાર પાડવામાં આવ્યો છે. આ રીપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે વાણિજય ગીતવિધિઓથી સેંટિનલી (Sentinelese)ના અસ્તિત્વ સામે ખતરો છે.

**સેંટિનલની જનજાતિ**

⇛ આ પ્રજાતિ ઉત્તરી સેંટિનલના મૂળ નિવાસી અને નિગ્રીટો સમૂદાયના છે.

⇛ તેમણે ઈ.સ. 1991માં ભારતીય ટીમ પાસેથી થોડાંક નારિયેળ સ્વીકાર્યા હતાં.

⇛ તેઓ બહારી દુનિયાથી અલગ થલગ છે. તેમની જનગણના પણ ફોટા લઈને કરવામાં આવે છે.

⇛ તેમની કુલ વસતી 50થી 100ની વચ્ચે છે.

⇛ તેમનો મુખ્ય વ્યવસાય શિકાર, માછલી પકડવી (માત્ર ભોજન માટે) સેંટિનલી જનજાતિ વિશેષરૂપે. પછાત જનજાતીય સમૂહમાં (PVTGs)માં છે. આંદમાન–નિકોબારમાં અન્ય PVTGs સમૂહ–ગ્રેટ આંદમાની, ઓંગ, ઝારવા અને શોમ્પેન પણ આવે છે.

⇛ આ તમામ જાતિઓને આંદમાન નિકોબાર દ્વીપ સમૂહ (આદીવાસી જનજાતિઓનું સંરક્ષણ) અધિનિયમ, 1956

⇛ હેઠળ આ જનજાતિઓના ક્ષેત્રોને સંરક્ષણ અપાયું છે. તથા અન્ય લોકોને પ્રવેશબંધી હોય છે.

⇛ આ એકટમાં જનજાતિના ફોટા અને ફિલ્માંકન પર પણ પ્રતિબંધ હોય છે.

**ભારતીય માનવવિજ્ઞાન સર્વેક્ષણ (ANSI)**

⇛ તે ભારતના સંસ્કૃતિ મંત્રાલય હેઠળની અગ્રણી સંસ્થા છે. જે ભૌતિક અને સાંસ્કૃતિક માનવશાસ્ત્રના ક્ષેત્રમાં કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (2) પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ, 1960ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ, 1960 હેઠળ 2017માં પશુઓ પ્રતિ ક્રુરતા નિવારણ (સંપતિ અને પશુઓની દેખભાળ અને રાખરખાવ) નિયમ, 2017ને સ્થાપિત કરવામાં આવ્યો છે.

(2) આ નિયમ ન્યાયાધીશને કેસ લડતાં વ્યકિતના પાલતુ જાનવરો જપ્ત કરવાની મંજૂરી આપે છે.

(3) આવા જાનવરો અધિકારીઓ દ્વારા ગોદ પણ લઈ શકાશે.

(4) હાલમાં સર્વોચ્ચ ન્યાયાલયે આ નિયમને પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ, 1960ની કલમ 29 વિરૂદ્ધ ગણાવ્યો છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ સર્વોચ્ચ ન્યાયાલયે કેન્દ્ર સરકારને ક્રુરતા નિવારણ અધિનિયમ, 1960 હેઠળના 2017ના નિયમને પાછો ખેંચવાની કે સુધારો કરવાનું કહ્યું છે.

**વર્ષ 2017નો નિયમ**

⇛ પશુઓ પ્રત્યે ક્રુરતાની રોકથામ (સંપત્તિ અને પાલતુની દેખભાળ અને રાખરખાવ) નિયમ, 2017ને પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ, 1960 હેઠળ સ્થાપિત કરવામાં આવ્યો છે.

⇛ આ અધિનિયમ કેસ લડતાં કોઈપણ વ્યકિતના પાલતુ જાનવરોને ન્યાયધીશ દ્વારા જપ્ત કરવાની સત્તા આપે છે.

⇛ ત્યારબાદ આવા જાનવરોને પશુ ચિકિત્સાલય કે પશુ આશ્રયોમાં મોકલી દેવાય છે.

⇛ આવા જાનવરોને અધિકારીઓ દ્વારા ગોદ લઈ શકાય છે કે આપી શકાય.

⇛ આ નિયમ સ્પષ્ટ રૂપે પશુ ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ 29ની વિરૂદ્ધ છે જે અંતર્ગત ક્રુરતામાં દોષી વ્યકિત માત્ર તેનાં જાનવરો જ ખોઈ બેસે છે.

**પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ, 1960**

⇛ આ અધિનિયમનો ઉદ્દેશ્ય અનાવશ્યક પશુઓની ઉત્પીડન પ્રવૃતિને રોકવાનું છે.

⇛ ભારતીય પશુ કલ્યાણ બોર્ડ (AWBI)ની સ્થાપના વર્ષ 1962માં આ અધિનિયમની કલમ 4 હેઠળ થઈ છે.

⇛ તેમાં ક્રુરતા વિરૂદ્ધ સજાની જોગવાઈ, જાનવરો અને જાનવરોના પ્રકારોની પરિભાષા છે. હત્યા અને ક્રુરતાના વિભિન્ન રૂપોની ચર્ચા કરે છે.

⇛ તેમાં વૈજ્ઞાનિક હેતુ માટે જાનવરોના ઉપયોગના નિર્દેશ છે. તેમાં પ્રદર્શનમાં લવાતા પ્રાણીઓ પરના અપરાધોની પણ જોગવાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) સાગરમાલાની પ્રસ્તાવિત સી-પ્લેન યોજનાના સંદર્ભમાં નીચેના પૈકી કયાં વિધાનો યોગ્ય છે ?

(1) આ પરિયોજનાને 'વિશેષ પ્રયોજન વાહન'ના રૂપે શરૂ કરાશે.
(2) આ પરિયોજનાનું કાર્યાન્વયન સાગરમાલા વિકાસ કંપની લિમિટેડ હેઠળ કરવામાં આવશે.
(3) આ પરિયોજના પૃથ્વી મંત્રાલય, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય તથા માનવ સંસાધન મંત્રાલયની ભાગીદારીમાં શરૂ કરવામાં આવશે.
(4) ભારતમાં પ્રથમ સી–પ્લેન સેવા ગુજરાતના રીવરફ્રંટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટિ વચ્ચે શરૂ કરવામાં આવી છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ હાલમાં જ બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય સાગરમાલા સી–પ્લેન સેવા શરૂ કરવાની યોજના બનાવી રહયું છે.

⇛ આ પરિયોજના ભાવી એરલાઈન ઓપરેટરોના માધ્યમથી એક 'વિશેષ પ્રયોજન વાહન' (SPV) હેઠળ શરૂ કરવામાં આવી રહી છે.

**પરિયોજનાનું કાર્યાન્વયન**

⇛ આ પરિયોજના સાગરમાલા વિકાસ કંપની લિમિટેડ (SDSL)ના માધ્યમથી લાગુ કરવામાં આવશે. આ કંપની બંદર, શિપિંગ વટુ અને જળમાર્ગ મંત્રાલયના નિયંત્રણમાં આવે છે.

⇛ SDSL સાથે SPVના નિર્માણ માટે એરલાઈન ઓપરેટરોને આમંત્રિત કરવામાં આવશે.

⇛ માર્ગોને સરકારની સબસીડી વાળી 'ઉડે દેશનો આમ નાગરિક' (UDAN) યોજના હેઠળ સંચાલિત કરવામાં આવી શકે છે.

**સાગરમાલા પરિયોજના**

⇛ સાગરમાલા પરિયોજના વર્ષ 2015માં શરૂ કરાઈ હતી. જેનો હેતુ આધુનિકીકરણ, મશીનીકરણ અને કંમ્પ્યુટરીકરણના માધ્યમથી 7516 KM લાંબી સમુદ્રી તટ રેખાની આસપાસના બંદરોનો પ્રત્યક્ષ અને પરોક્ષ વિકાસ કરવો.

⇛ આ યોજના હેઠળ બંદરોના ટર્મિનલ સાથે રેલ/સડક માર્ગોને પણ શામિલ કરાયા છે. જેમાં કનેકટીવિટી આપવી. રેલ, આંતરદેશીય જળમાર્ગો, તટીય સેવાઓ સહિત મલ્ટી–મોડલ કનેકટીવિટીમાં વૃદ્ધિ કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) હાલમાં લાગુ કરાવેલ સ્કુલ બેગ નીતિ-2020ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો યોગ્ય છે ?

(1) આ નીતિ રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ (NCERT) દ્વારા લાગુ કરવામાં આવી છે.
(2) આ નીતિમાં ધોરણ 4થી 12ના વિદ્યાર્થીઓના સ્કુલ બેગના વજન અને હોમવર્ક સંબંધી દિશા–નિર્દેશ આપવામાં આવ્યાં છે.
(3) આ નીતિમાં જણાવાયું છે કે, ધોરણ-2 સુધીના વિદ્યાર્થીઓને કોઈપણ જાતનું હોમવર્ક ન આપવાનું કહેવામાં આવ્યું છે.
(4) આ નીતિમાં જણાવાયું છે કે, ધોરણ-6 થી 8ના વિદ્યાર્થીઓને વધુમાં વધુ પ્રતિદિન એક કલાકનું હોમવર્ક આપી શકશે.

(A) આપેલ તમામ (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (1), (2) અને (4)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ હાલમાં જ શિક્ષા નિર્દેશાલય દ્વારા રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ (NCERT) દ્વારા જાહેર કરાયેલી નવી સ્કુલ બેગ નીતિ-2020ના પાલન માટે બધા સ્કુલોને પરિપત્ર મોકલાયો છે.

**સ્કુલ બેગ નીતિ–2020**

⇛ આ નીતિમાં કક્ષા 1થી 12ના વિદ્યાર્થીઓના હોમવર્ક અને સ્કુલ બેગના વજન સંબંધિત દિશા–નિર્દેશ આપવામાં આવ્યાં છે.

⇛ નીતિ અનુસાર, કક્ષા 1 થી 10 સુધીના વિદ્યાર્થીઓના બેગનો વજન તેમના વજનનાં 10%થી વધુ હોવો જોઈએ નહિ. સાથે જ પૂર્વ–પ્રાથમિક કક્ષાઓ માટે સ્કુલ બેગ ન હોવું જોઈએ.

⇛ ધોરણ 2 સુધીના વિદ્યાર્થીઓને હોમવર્ક ન આપવું, ધોરણ 3 થી 5ના વિદ્યાર્થીઓને સપ્તાહમાં વધુમાં વધુ 2 કલાક, ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓને રોજ વધુમાં વધુ 1 કલાક અને ધોરણ 9 તથા વધુના વિદ્યાર્થીઓને દરરોજ વધુમાં વધુ 2 કલાક હોમવર્ક આપવું જોઈએ.

⇛ ભારે સ્કુલ બેગ બાળકોના કરોડરૂક સ્તંભ, ઘુંટણ, ગરદન ખંભા અને પીઠમાં પીડા આપે છે, કે નુકશાન કરે છે.

**NCERT**

⇛ NCERT શિક્ષા મંત્રાલય હેઠળનું સ્વાયત સંગઠન છે.

⇛ તે સ્કુલ શિક્ષા સંબંધિત ક્ષેત્રોમાં રિસર્ચને પ્રોત્સાહન તથા તેમાં ગુણાત્મક સુધાર પર કાર્ય કરે છે.

⇛ મોડલ પાઠ્યપુસ્તક, પુરક સામગ્રી તૈયાર અને પ્રકાશિત કરે છે.

⇛ નવી તકનીકોનો વિકાસ તથા સાર્વભૌમિક શિક્ષાના લક્ષ્યો પ્રાપ્ત કરવાની મોડલ એજન્સી તરીકે કાર્ય કેર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) એશિયાઈ જળ પક્ષી ગણના-2020ના સંદર્ભમાં યોગ્ય વિધાન પસંદ કરો.

(1) એશિયાઈ જળપક્ષી ગણના બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના તત્વાધાનમાં કરવામાં આવી છે.
(2) આ જનગણનામાં પ્રત્યેક વર્ષે એશિયા અને ઓસ્ટ્રેલિયાના હજારો સ્વયંસેવકો ભાગ લે છે.
(3) એશિયાઈ જળપક્ષી ગણનાએ ગ્લોબલ વોટરબર્ડ મોનીટરીંગ પ્રોગ્રામ અને ઈન્ટરનેશનલ વોટર બર્ડ સેંસનું અભિન્ન અંગ છે. જે વેટલેંડસ ઈન્ટરનેશનલ દ્વારા સમન્વિત છે.
(4) ઈન્ટરનેશનલ વોટરબર્ડ સેંસનું સંચાલન 143 દેશોમાં કરવામાં આવે છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2) અને (3) (D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ આંધ્રપ્રદેશમાં બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (BNHS)ના વિશેષજ્ઞોના તત્વાધાનમાં બે દિવસીય એશિયાઈ જળપક્ષી ગણના-2020 સંપન્ન થઈ.
⇛ પ્રત્યેક વર્ષે જાન્યુઆરીમાં એશિયા અને ઓસ્ટ્રેલિયાના હજારો સ્વયંસેવકો દ્વારા તેમના દેશમાં આવેલી આદ્રભૂમિઓની યાત્રા કરવામાં આવે છે. આ સમયે તે જળપક્ષીઓનો ગણના કરે છે. આ નાગરિક વિજ્ઞાન કાર્યક્રમને એશિયાઈ જળપક્ષી ગણના (AWC) કહેવામાં આવે છે.
⇛ AWC, ગ્લોબલ વોટરબર્ડ મોનીટરિંગ પ્રોગ્રામ(GWMP) અને ઈન્ટરનેશનલ વોટરબર્ડ સેન્સ (IWC)નો અભિન્ન અંગ છે જે વેટલેંડ ઈન્ટરનેશનલ દ્વારા સમન્વિત છે. IWCનું સંચાલન 143 દેશો દ્વારા થાય છે જે આદ્રભૂમિના જળપક્ષીઓની સંખ્યાની જાણકારી એકત્ર કરવા સંબંધિત છે.

### AWCનો વિસ્તાર

⇛ એશિયાઈ જળપક્ષી ગણનાને વર્ષ 1987માં ભારતીય ઉપમહાદ્વીપમાં શરૂ કરવામાં આવી હતી જે ઝડપથી અફઘાનિસ્તાનથી લઈને જાપાન, દક્ષિણ–પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયા સુધી ફેલાઈ.
⇛ તે કન્વેંશન ઓન માઈગ્રેટરી સ્પીસીઝ (CMS) અને કન્વેન્શન ઓન બાયોલોજીકલ ડાયવર્સિટી (CBD)ને લાગુ કરવામાં મદદ કરે છે.

ભારતમાં એશિયાઈ જળપક્ષી ગણના

⇛ ભારતમાં AWCને BNHS અને વેટલેન્ડ ઈન્ટરનેશનલ દ્વારા સંયુક્ત રૂપે કરવામાં આવે છે.
⇛ BNHS એક અખિલ ભારતીય વન્યજીવ અનુસંધાન સંગઠન છે જે 1883થી પ્રકૃતિ સંરક્ષણને પ્રોત્સાહન આપે છે.
⇛ ભારતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વપૂર્ણ AWC સાઈટો અને વેટલેન્ડ IBAની એક સૂચિ તૈયાર કરવામાં આવી છે.
⇛ ભારતમાં કુલ 42 રામસર સ્થળો છે. જેમાં લદ્દાખનું ત્સો કર વેટલેન્ડ નવીનતમ સ્થળ છે. ભારતમાં મહત્ત્વપૂર્ણ પક્ષી અને જૈવ વિવિધતા ક્ષેત્ર (IBA)ની 450થી વધુ સાઈટો છે.
⇛ ફેબ્રુઆરી 2020માં ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં વન્યજીવોની પ્રવાસી પ્રજાતિઓનું સંરક્ષણ (CMS)ની કોન્ફરન્સ ઑફ પાર્ટી (COP)ના 13માં સત્રનું આયોજન થયું હતું.
⇛ COP13માં 10 નવી પ્રજાતિઓ શામેલ કરાઈ. જેમાં એશિયાઈ હાથી, જેગુઆર, ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (ઘોરાડ), બંગાળ ફલોરિકન વગેરે સહિત સાત પ્રજાતિઓને પરિશિષ્ટ-1માં (જે કડક નિયંત્રણો અને સુરક્ષા આપે છે.) તેમાં શામિલ કરાયા છે.
⇛ ભારત દ્વારા ડિસેમ્બર 2018માં જૈવ વિવિધતા સમ્મેલન (CBD)ની છઠ્ઠી રાષ્ટ્રીય રીપોર્ટ (NR6) પ્રસ્તુત કરાઈ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT